# શ્રી ભગવાન મહાવીર સ્વામી
## નું શાસન

# સમ્યક જ્ઞાન : ઉપદેશબોધમાં કે નિશ્ચયબોધમાં ?

આપણે આગળના લેખાંકોમાં શ્રાવકપણાંમાં બનતા વિભ્રમ-વિભંગ જ્ઞાની (અસદ્ગુરૂ) અને તે બનવાનું કારણ માનભાવ-નામભાવને પોષવા ધર્મનું મોટું માન લેવાની વૃત્તિ. અને તેવી જ રીતે સાધુ સંસ્થામાં પણ ઘણાં શ્રી ધર્માચાર્યોને નામભાવ અને માનભાવનું બળવાનપણું અન્યનું જોઈને વર્તાય છે. ત્યારે બાળજીવોને મોક્ષમાર્ગની બદલે ચાર ગતીનો બોધ આપે છે અને તે બોધમાં મુખ્યપણે અર્થનું બળવાનપણું સ્થાપીને પોતાનાં નામનાં અને માનનાં ભાવને પોષે છે. અને આશ્રયે આવેલા બાળજીવોનું નામ અને માન પોષવાનું કાર્ય કરે છે. અને ''ગુણવાનનું ગૌરવ કરવાને બદલે સમૃધ્ધિવાનનું સ્વાગત કરે અને ગુણને બદલે અર્થને પ્રાધાન્ય આપે છે'' અને એ પણ ધર્મનાં અને આત્મકલ્યાણનાં નામે (બાળજીવોનો શ્રી ધર્માચાર્ય પ્રત્યેનો અખુટ અંધવિશ્વાસ અને જ્ઞાનથી અજ્ઞાન હોવાથી). અને એમાં બાળજીવો શ્રી ધર્માચાર્યથી આકર્ષાઈને અને અનુસરતા હોવાથી મોટો બાળજીવોનો સમુહ ચાર ગતીનાં ભ્રમણમાં ફરે છે અને તેમાં નિમિત્ત કારણ તે શ્રી ધર્માચાર્ય બને છે.

## જૈનો જાગો
રમેશ વેજાણી

**લેખાંક : ૫૨**

હવે બે પ્રકારનાં થતાં શ્રી ધર્માચાર્યોનાં પ્રમુખ-પ્રખર અને પ્રગટ લક્ષણો અને ગુણોની વિચારણાં કરીએ. **પહેલા પ્રકારનાં શ્રી ધર્માચાર્યો** કે જે શાસ્ત્રો સ્વરૂપ શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલો અને સ્થાપેલો બોધ આપે છે જેને વ્યવહારથી આત્મકલ્યાણનો બોધ કહેવાય. અને તે બોધ આપનારા શ્રી તીર્થંકર પરમાત્માનાં સાચા

> *** સત્સંગ ***
>
> **જીવે જ્યારે-જ્યારે જે-જે ભવોમાં ત્યાગીપણું લીધું, ત્યારે-ત્યારે જીવે ત્યાગને ટકાવવાનો પુરૂષાર્થ કર્યો, ''પણ'' વૈરાગ્ય ધારણ કરવાનો પ્રયત્ન ન કર્યો, ''અને જો'' (જીવન પર્યંત ઉપદેશબોધ આચર્યો પણ નિશ્ચયબોધને આરાધ્યો નહીં) વૈરાગ્ય ધારણ કર્યો હોત તો, જીવ આ કાળ અને આ ક્ષેત્રમાં મોક્ષમાર્ગ માટેની મુંઝવણમાં ન મુંજાતા સ્વયં મોક્ષમાર્ગ બની જાત.**

આજ્ઞાધારક સાધક-આરાધક અને બોધક કહેવાય અને તેવા શ્રી ધર્માચાર્યને **આત્મલક્ષી શ્રી ધર્માચાર્ય કહેવાય.** તેમનાં બોધથી બાળજીવોનું આત્મકલ્યાણ થાય અને અલ્પ ભવોમાં મોક્ષનો અધિકારી બને. તે બોધને નિશ્ચયબોધ અથવા સિધ્ધાંતબોધ અથવા આત્મબોધ કહેવાય. અને **બીજા પ્રકારનાં જે શ્રી ધર્માચાર્યો** હોય છે, તે શ્રી તીર્થંકર

> **ઉપદેશ બોધમાં આથડ્યો,**
> **રહ્યો ન કોઈ સુજાવ,**
> **સત સિધ્ધાંત સમજ્યો નહીં,**
> **ત્યાં ભ્રમણ શે' જાય.**

પરમાત્માનાં નામે, શાસ્ત્રોનું અર્થઘટન નબળું કરીને અને મોક્ષમાર્ગ ગણાવીને (અજ્ઞાનપણું રખાવીને) બોધ આપે છે અને તે બોધમાં પુણ્યનું સ્થાપન કરાવીને સ્વયં અને અન્ય બાળજીવોને પુણ્યલક્ષી બનાવે છે અને ભવભ્રમણમાં ફરે છે અને ફેરવવામાં નિમિત્ત કારણ બને છે.

૧) **આત્મલક્ષી શ્રી ધર્માચાર્ય :** જે શ્રી ધર્માચાર્ય શ્રી તીર્થંકર પરમાત્માને પરમ ઉપકારી ગણીને શ્રધ્ધા કરે છે, તે શ્રી ધર્માચાર્ય આત્મકલ્યાણનો બોધ બાળજીવોને આપી શકે છે.

> **પુન્યલક્ષ પરીણામથી,**
> **પામ્યો દુ:ખ અનંત,**
> **ફળ પરીણામની પ્રાપ્તીથી,**
> **થાક્યો ભવ અનંત.**

૧) **પુણ્યલક્ષી શ્રી ધર્માચાર્ય :** જે શ્રી ધર્માચાર્ય શ્રી તીર્થંકર પરમાત્માને પુણ્યનું બળવાન કારણ ગણીને શ્રધ્ધા કરે છે, તે શ્રી ધર્માચાર્ય બાળજીવોને પુણ્યલક્ષી બોધ આપે છે.

૨) **આત્મલક્ષી શ્રી ધર્માચાર્ય :** જે શ્રી ધર્માચાર્ય શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલા બોધને (શાસ્ત્રો થકી) જાણે છે, માને છે અને શ્રધ્ધા કરીને આરાધે છે. (નિશ્ચય બોધ) તે શ્રી ધર્માચાર્ય બાળજીવોને આત્મકલ્યાણનો બોધ આપે છે.

> **જે નિશ્ચયનાં બોધથી,**
> **જાણ્યું મોક્ષ સ્વરૂપ,**
> **ધર્યો શાસ્ત્ર આધારથી,**
> **ટાળ્યો ભવ સંતાપ.**

૨) **પુણ્યલક્ષી શ્રી ધર્માચાર્ય :** જે શ્રી ધર્માચાર્ય શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલા બોધને (શાસ્ત્રો થકી) જાણે છે, માને છે, પણ આરાધતાં નથી (દેશ-કાળનાં નામે) તે શ્રી ધર્માચાર્ય બાળજીવોને પુણ્યલક્ષી બોધ આપે છે.

૩) **આત્મલક્ષી શ્રી ધર્માચાર્ય :** જે શ્રી ધર્માચાર્યોએ શ્રી તીર્થંકર પરમાત્માનાં બોધને (નિશ્ચય બોધને) આત્મસાત કર્યો હોય અને પછી બાળજીવોને શ્રી તીર્થંકર પરમાત્માનો

> **■ પુણ્યલક્ષીનું પ્રગટ લક્ષણ ■**
>
> **ઉપદેશબોધમાં સાધક, આરાધક કે બોધકના પ્રમુખ, પ્રખર અને પ્રગટ લક્ષણ:**
>
> **શ્રી તીર્થંકર પરમાત્મા માટે અન્ય અનેક પ્રકારની સમજણ સહિતની શ્રધ્ધા ધરાવે છે.**
>
> **''પણ''**
>
> **શ્રી પરમાત્માનું ઉપકારીપણું માન્ય કરીને શ્રધ્ધા ધરાવતા નથી. અને શ્રી પરમાત્માનાં કાર્યો કરતા પહેલા, ફળ જણાવવાની અને જાણવાની ઈચ્છા રાખતા હોય છે. અને શ્રી પરમાત્માનાં શુભ કાર્યોમાં જીવ દોષો ટાળવા અને ગુણો પ્રગટાવવાની બદલે પરીણામ ઉપર લક્ષ રાખે છે અને તેથી કરીને જીવો શ્રી પરમાત્માનાં નાના કાર્યોને સાધારણ ગણે છે.**
>
> **''જ્યારે''**
>
> **શ્રી તીર્થંકર પરમાત્માનું પરોપકારી પરમ ઉપકારીનું, નામ મોટું, સ્મરણ મોટું, તેમનું સ્થાનક મોટું, તેમનાં વિષેનાં વિચાર મોટા હોય તો પછી શ્રી પરમાત્માનું કોઈપણ પ્રકારથી સ્મરણ થાય તે સાધારણ કેમ ગણાય, તે તો અસાધારણ ગણાય.**
>
> **''ત્યારે''**
>
> **પુણ્યલક્ષી જીવો પુણ્યની ગાઢ લેશ્યાથી વર્તીને દેહભાવથી, માનભાવથી, નામભાવથી કે સુખભાવથી, સ્વચ્છંદે વર્તીને શ્રી પરમાત્માનું ઉપકારીપણું માનવાને બદલે પુણ્યપ્રાપ્તીનું કારણ-ધારણ કરીને, સ્મરણ કરે છે.**
>
> **પુણ્યલક્ષી જીવો : ધર્મમાં અને ધર્મનાં કાર્યોમાં અન્યનો ઉપકાર ગણતાં નથી ''પણ'' પોતાનાં સામર્થ્યનું ફળ માને છે અને ગણે છે.**

બોધ જીવનભર આપવો, એવી શ્રધ્ધા અને ભાવનાં જે શ્રી ધર્માચાર્ય ધરાવતાં હોય તેવા શ્રી ધર્માચાર્ય બાળજીવોને આત્મકલ્યાણનો બોધ આપે છે. (કોઈપણ સંજોગોમાં શ્રી તીર્થંકર પરમાત્માનાં બોધને ત્યાગીને અન્ય કોઈપણ પ્રકારનો બોધ આરાધવાનો અને આપવાનો સ્વિકારી ન શકે.)

૩) **પુણ્યલક્ષી શ્રી ધર્માચાર્ય :** જે શ્રી ધર્માચાર્ય શ્રી તીર્થંકર પરમાત્માનાં બોધને આત્મસાત કર્યો નથી ( દેશ-કાળનો આધાર લઈને અથવા બાળજીવો પચાવી ન શકે તેવાં ભ્રમિત કલ્પનામાં રાચીને) તે શ્રી ધર્માચાર્ય બાળજીવોને શ્રી તીર્થંકર પરમાત્માનાં બોધની બદલે પુણ્યલક્ષી બોધ આપે છે.

૪) **આત્મલક્ષી શ્રી ધર્માચાર્ય :** જે શ્રી ધર્માચાર્ય પોતાનાં ગુરૂનાં ગુણ અને જ્ઞાન જાણીને, સાધનાનાં પ્રખર આરાધકપણું જોઈને (શાસ્ત્રો સિવાય અન્ય વાણી અને લખાણનો આદર હોય, આગ્રહ તો શાસ્ત્રનો જ હોય) શાસ્ત્રોની વિચારણાં અને વિનિમય કરતાં હોય અને સિધ્ધાંતમાં (શાસ્ત્રોનાં આધારથી) અડગ અને અચળપણું ધરાવતાં હોય (જગત ત્યાગ સ્વિકાર્ય પણ શાસ્ત્ર ત્યાગ અસ્વિકાર્ય) આવા ગુરૂની મહાનતા-મહત્તા અને નિશ્ચય બોધ વિશેની વ્યાપકતાં જાણીને જે બાળજીવ તેમને પૂર્ણ આત્મસમર્પણ ભાવે તેમનું આજીવન ગુરૂત્વ માનીને તેમની ભક્તિ અને આરાધનાં કરીને જે કાંઈ પરીણામો પ્રાપ્ત કર્યા હોય તેને ઉપકારી એવા ગુરૂ ભગવંતનું (કૃપાફળ) ગણીને અન્ય બાળજીવોને બોધ આપે તે બોધ આત્મકલ્યાણનું કારણ બને.

૪) **પુણ્યલક્ષી શ્રી ધર્માચાર્ય :** જે શ્રી ધર્માચાર્ય પોતાનાં ગુરૂનાં ગુણ અને તેમની મહાનતાં જાણીને તેમને ગુરૂપદે સ્થાપે છે, પણ આત્મસમર્પણ ભાવ અને ગુરૂનું પરમ ઉપકારીપણું સ્વિકારતાં નથી (પુણ્યલક્ષને કારણે) તેવાં બનેલા શ્રી ધર્માચાર્ય બાળજીવોને પુણ્યલક્ષી બોધ આપે છે. (પુણ્યલક્ષી જીવ ક્યારેય અન્ય જીવોને ઉપકારી ગણી શકતાં નથી અને

> *** સત્સંગનું ફળ ***
>
> **સિધ્ધાંત ભાવને ''સત્સંગ''**
> **સિધ્ધાંત સ્વભાવ બનાવી દે**
>
> **સિધ્ધાંતનાં, સિધ્ધાંતથી, સિધ્ધાંતનું, સિધ્ધાંતિકપણે, સિધ્ધાંતનુંભવવા, સિધ્ધાંતથી, સિધ્ધાંતિક સ્વરૂપ સ્વિકારીને, સિધ્ધાંતથી, સ્વનું, સિધ્ધપણું, સાધ્ય કરવા, સર્વ સમય માટે, સિધ્ધાંતથી, સિધ્ધ પદે, સ્થિરતા, સ્થાપવવા, સર્વ સંમતિથી, સર્વ સમય માટેનાં, સિધ્ધાંતને, સિધ્ધાંતિક સ્વરૂપે, સર્વ સમયથી, સર્વ સમય માટે સમરવો, એજ સ્વકલ્યાણ અને એજ સ્વની સાધના.**
>
> **જીવ મોક્ષમાર્ગ માટે ઉપદેશબોધનો આદરણીય અને નિશ્ચયબોધનો આગ્રહી બનીને આરાધન કરે તો મોક્ષમાર્ગનો સાધક બને અને જો ઉપદેશબોધનો આગ્રહી બને તો ચાર ગતીમાં ફેરવે તેવી ગાઢ પુણ્ય પ્રકૃતિ-વૃતિ-પ્રવૃતિવાળો બાળજીવ ''કહેવાતો ધર્મી'' બને.**

અન્ય જીવ પ્રત્યે આત્મસમર્પણભાવ પણ કરી શકતાં નથી). પુણ્યલક્ષી જીવ પોતાનાં પુરૂષાર્થથી પુણ્ય બાંધે છે અને તે બુધ્ધિમાં અને અનુભવમાં આવતું ન હોવાથી જીવને તત્કાળ કે જીવન પર્યંત તેનો અનુભવ ન થવાથી તે જીવ અન્યને ઉપકારી ગણતા નથી. (માન અને નામનું મમત્વ બળવાન થવાનાં કારણે અન્ય નામનું મહત્વ સ્થાપતા નથી).

૫) **આત્મલક્ષી શ્રી ધર્માચાર્ય :** જે શ્રી ધર્માચાર્યને પોતાનાં ગુરૂ પ્રત્યે આજ્ઞાંકિતપણાં સહિતનો ભક્તિપ્રેમ, તેમની વાણી, તેમનું સ્મરણ, તેમનું વર્તન, તેમનાં વિચાર, તેમનાં કાર્યોનું અવિસ્મરણ હોય અને તેમનાં સ્મરણમાં અને હાજરીમાં નાના બાળક જેવી નિર્દોષતાં અને નિર્ભયતા અને પરમ આનંદ સહિતનો ઉલ્લાસીત ભાવ અને તેમની હાજરીમાં પોતાનાં વ્યક્તિત્વનું અને જગતનું ભાન ભુલીને ભાવ વિભોરપણું અનુભવ્યું હોય, તેવા શ્રી ધર્માચાર્ય અન્ય બાળજીવોને આત્મકલ્યાણનો બોધ આપે છે.

**''આત્મકલ્યાણનાં સાધકની,**
**ગુરૂ-શિષ્યની શ્રેષ્ઠ અવસ્થા''**

**અનુસંધાન પાના નં ૬૬ પર**

# શ્રી ભગવાન મહાવીર સ્વામી નું શાસન

## સમ્યક જ્ઞાન : ઉપદેશબોધમાં કે નિશ્ચયબોધમાં ?

**અનુસંધાન પાના નં ૬૫ થી ચાલું**

૫) **પુણ્યલક્ષી શ્રી ધર્માચાર્ય :**જે શ્રી ધર્માચાર્યને પોતાનાં ગુરૂનાં વિચારોમાં અને પોતાનાં વિચારોમાં ભેદ માનતાં હોય (છતાં ગુરૂ ગણ્યા માનીને, ગુરૂ-શિષ્યનો સંબંધ અલગ રહીને નિભાવતાં હોય) તેવા શ્રી ધર્માચાર્ય બાળજીવોને પુણ્યલક્ષી બોધ આપે છે.

૬) **આત્મલક્ષી શ્રી ધર્માચાર્ય :** જે શ્રી ધર્માચાર્ય પોતાનાં જીવનનાં દરેક કાર્યો, તેનું કારણ, પરિણામ અને ફળને પોતાનાં ગુરૂનું ગણીને તેમને સમર્પણ ભાવે, નમ્રતા સહિત અર્પણ કરે છે. અને પોતાનાં ગુરૂનાં નામનો, ગુણોનો અને જ્ઞાનનો મહિમા વધારે છે અને પોતાને તેમનાં બાળક ગણીને નમ્રતાપૂર્વક તે કાર્યની સફળતાનો યશ પોતાનાં ગુરૂ (હાજર કે ગેરહાજર)ની કૃપા અને તેમનાં યોગબળનું કારણ ગણે છે તેવા શ્રી ધર્માચાર્ય બાળજીવોને આત્મકલ્યાણનો બોધ આપે છે.

**પુન્યબોધ ઉપદેશથી,**
**થયો માન-અભીમાની,**
**પુન્યલક્ષની પ્રાપ્તીએ,**
**રહ્યો ભ્રાંતિમાં સ્થિર.**

૬) **પુણ્યલક્ષી શ્રી ધર્માચાર્ય :**જે શ્રી ધર્માચાર્ય જીવનનાં દરેક કાર્યોમાં પોતાનાં નામનું મહત્વ અને નામનાં મેળવવા અને પોતાનું નામ વધારે મોટું અને પ્રસિધ્ધતા કેમ પામે તેવાં નવા નવા આયોજનો અને કાર્યો કરે છે અને પોતાનાં કાર્યોની મહાનતાં, વિચારોની વિચક્ષણતા, વાણીથી આકર્ષણ ઉભું કરવાની ક્ષમતાં, અને પોતાનો પ્રભાવ અને વ્યક્તિત્વ બતાવવાનાં ઉપાયો અને બાળજીવોને આકર્ષવાની યુક્તિઓ અજમાવીને પોતાને ધર્માત્મા બતાવવાની કોશીશ કરનાર શ્રી ધર્માચાર્ય બાળજીવોને ગમતો-ફાવતો અને સ્વચ્છંદથી થઈ શકતો, (બાળજીવોનું નામ અને માનનાં મમત્વનો અવગુણ લગાડીને) એવો પુણ્યલક્ષી બોધ આપે છે.

**ઉપદેશ બોધની આરાધનાનું ફળ : કષાય સહિતનું અનંત દુ:ખો ભરેલું સુખ, (પુણ્યાનુંબંધી પાપ)**
**નિશ્ચય બોધની આરાધનાનું ફળ : કષાય રહિતનું અનંત ગુણોથી ભરેલું આત્મીક સુખ, (પુન્યાનુંબંધી પુણ્ય)**

૭) **આત્મલક્ષી શ્રી ધર્માચાર્ય :** જે શ્રી ધર્માચાર્ય પોતાનાં શિષ્યો વધારવાની કોશીષ નથી કરતા (બાળજીવો નિશ્ચય બોધનાં શ્રવણથી સહજતાથી શિષ્યત્વ માગવા આવે છે) પણ આવેલા જીવોને સિધ્ધાંતબોધનાં સિધ્ધાંતો સમજાવીને અને બાળજીવોનાં સમર્પણભાવ સ્વિકારીને શિષ્યત્વ આપે છે અને આવેલાં અને બનેલાં શિષ્યો અને શ્રાવક-શ્રાવિકાઓનો કોઈપણ પ્રકારનાં સંજોગ અવસ્થામાં તેમની આગળ પોતાનાં જીવનની પરવા કર્યા વગર અડિખમ ઉભા રહે છે. અને આશ્રયે આવેલા સર્વ અનુયાયીઓને (નાના-મોટાનાં ભેદ વગર, અમીર-ગરીબનાં ભેદ વગર, સતત સાથે રહેનાર અને સંજોગ અનુસાર સાથે રહેનારનાં ભેદ વગર) નિર્ભયતા આપીને તેમનું જીવન રક્ષા-કવચ બને છે. જગત સામે સિધ્ધાંત ખાતર લોહપુરૂષ બને છે પણ પોતાના અનુયાયીઓ પાસે ફૂલ સમાન-ફૂલ પુરૂષપણે વર્તે છે. (કરૂણાં દ્રષ્ટિથી). પોતાનાં આશ્રયે આવેલાં બાળજીવોને જીવનભર અનાથપણું અનુભવવા દેતાં નથી એવા શ્રી ધર્માચાર્ય બાળજીવોને આત્મકલ્યાણનો બોધ આપે છે.

**જે નિશ્ચયનાં બોધથી,**
**જાણ્યું જગત સ્વરૂપ,**
**સાધ્યો, સદ્‌ગુરૂ યોગથી,**
**ટાળ્યો ભવ સંસાર.**

૭) **પુણ્યલક્ષી શ્રી ધર્માચાર્ય :**જે શ્રી ધર્માચાર્ય બાળજીવોને શિષ્યો બનાવવાં અનેક પ્રકારનાં ઉપાયો અજમાવે છે અને ઘણી વખત અન્ય જીવો થકી દબાણ કરાવીને પોતાની પાસે શિષ્યત્વ ગ્રહણ કરે તેવો સમજણપૂર્વકનો આગ્રહ કરીને શિષ્યો વધારવાની કોશીષ કરે છે. (શિષ્ય સમુદાયથી પોતાનાં નામનું અને માનનું મહત્વ સ્થાપવા) અને પોતાનાં આશ્રયે બનેલા શિષ્યોની સ્વચ્છંદતા પણ નિભાવવી પડે છે. (પોતે પણ સ્વચ્છંદથી વર્તેલા હોય છે અને વર્તે છે માટે). તે નિભાવવી પડતી લાચારીને સમાધાન સ્વરૂપે અને ધર્મનાં નામે (સરળતાં ગણાવીને) નિભાવે છે. અને પોતાનાં આશ્રયે આવેલા શ્રાવક કે શ્રાવિકાઓનાં પ્રતિકુળ સંજોગોમાં તેમને ત્યાગી દે છે. અર્થમાં પ્રતિકુળતા શ્રાવકમાં આવે તો કર્મનો ઉદય ગણાવીને તેને પોતાનાંથી દુર કરે છે અને સંઘ સંબધોનાં વિવાદમાં ભાગ લઈને મોટાઈ લેવા જાય અને જો વધારે તકલીફ વર્તાય તો કહે કે આ તો શ્રાવકોનું ધર્મ અને કાર્ય ગણાય અમારે તેમાં ન અવાય. આવી અજ્ઞાન સમજણ આપીને શ્રાવકોને અનાથ બનાવીને દુ:ખી દુ:ખી કરી દે છે.

**■ પુણ્યલક્ષીને પ્રાપ્ત થતું ફળ ■**

- **અનંત કર્મો બાંધવાનું કારણ અજ્ઞાન,**
- **અનંત ઈચ્છાઓનું કારણ અજ્ઞાન,**
- **અનંત દુ:ખોનું કારણ અજ્ઞાન, "માટે"**
- **અનંત ભવો ફરવાનું કારણ અજ્ઞાન,**
- **અજ્ઞાનમાં રહેવાનું કારણ ઉપદેશબોધ,**
- **ઉપદેશબોધમાં રહેવાનું કારણ નિશ્ચયબોધની વિરાધના,**
- **નિશ્ચયબોધની વિરાધનાનું કારણ પુણ્યપ્રકૃતિનું ગાઢપણું,**
- **પુણ્યપ્રકૃતિ ગાઢ થવાનું કારણ બળવાન મિથ્યાત્વ,**
- **મિથ્યાત્વ બળવાન થવાનું કારણ શ્રી પરમાત્માએ બતાવેલા તત્વોમાં અશ્રધ્ધા,**
- **શ્રી પરમાત્માએ બતાવેલા તત્વોમાં અશ્રધ્ધાનું કારણ સત્યની ઝુરણાંનો અભાવ,**
- **સત્યની ઝુરણાંનાં અભાવનું કારણ ઉપદેશબોધની જડતાથી પ્રાપ્ત થતાં અવગુણો જેવા કે અહંકાર, અભીમાન, સ્વચ્છંદ અને ઉપકારીભાવનાં ગુણને ગોપાવવો,**
- **ઉપકારીભાવને ગોપાવવાનું કારણ અનંતા અનંત ભવો અને તેમાં અનંતા દુ:ખો ભોગવવાની તૈયારી.**

**બાળજીવોની સુખોની ઈચ્છા અને તૃષ્ણા વધારાવે તેનું નામ ઉપદેશ બોધ (પૂણ્ય પ્રકૃતિ ગાઢ કરાવે) અને બાળજીવોને ઈચ્છારહીત કરાવે (સુખ-દુ:ખથી), દ્રષ્ટાભાવમાં રખાવે, સ્થિતીપ્રજ્ઞ કરાવે અને પ્રજ્ઞાચક્ષુ ખોલાવે તેનું નામ સિધ્ધાંત બોધ.**

૮) **આત્મલક્ષી શ્રી ધર્માચાર્ય :** જે શ્રી ધર્માચાર્ય પુણ્યને અનંત ભવ ભ્રમણનું કારણ ગણતાં હોય, જે પુણ્યનાં ફળ સ્વરૂપ બાળજીવો આત્મધર્મથી શ્રી તીર્થંકર પરમાત્માનાં બોધથી દુર થતા હોય. અને જે પુણ્યનાં ફળ સ્વરૂપે જીવો મોક્ષમાર્ગ ગુમાવતાં હોય (પુણ્યનાં કારણે સંસારનાં માનેલા સુખનાં સાધનો પ્રાપ્ત થાય અને તે પ્રાપ્ત કરવા નિમિત્ત કારણે પાપો કરવા પડે, તે સુખનાં સાધનો ટકાવવા અને ભોગવવા પાછાં અનંતા કર્મો બાંધવા પડે અને તે ભોગવટા પછી તે સાધનો જવાથી કે જવાનાં ભયે જીવ આર્તધ્યાન અને રૌદ્રધ્યાની બને, તેમાંથી પાછો જીવ પાપકર્મી કે પુણ્યલક્ષી બને આવી રીતે અનંતા અનંત મનુષ્યપણું અને જૈનકુળ અને શ્રી તીર્થંકર પરમાત્માનો આપેલો પૂર્ણ જ્ઞાનયુક્ત મોક્ષમાર્ગ બાળજીવ ગુમાવી દે છે). તેવી સમજણ જે શ્રી ધર્માચાર્ય જાણતાં અને માનતા હોય છે, તેવા શ્રી ધર્માચાર્ય બાળજીવોને પુણ્યલક્ષી બનવાં દેતાં નથી અને પુણ્યલક્ષી બાળજીવોની પુણ્ય પ્રકૃતિ નિશ્ચય બોધ સમજાવીને મંદતા ધારણ કરાવીને આત્મકલ્યાણનો બોધ આપે છે.

**જે બોધે ઉપદેશથી,**
**થયો માર્ગથી દુર,**
**વર્તે ભ્રાંતિમાં ભ્રાંતિથી,**
**કર્યો નાશ "અવિનાશનો".**

**જે બોધ થકી ઉપદેશથી,**
**થયો આત્માથી ઉદાસ,**
**બન્યો દેહનાં દાસ થકી,**
**કર્યો અર્થનો ઉધ્ધાર.**

૮)**પુણ્યલક્ષી શ્રી ધર્માચાર્ય :** જે શ્રી ધર્માચાર્યને નામનું બળવાન મમત્વ હોય છે, તે શ્રી ધર્માચાર્યો અર્થની વિશેષ જરૂરીયાતવાળા બને છે અને અર્થને મેળવવા બાળજીવોને પુણ્યનાં નામે અર્થ વપરાવે છે. (અર્થનાં ત્યાગનાં નામે, પણ અર્થની જંજાળ ઓછી કરવાની સમજણ આપતાં નથી પણ તેનાં બદલે અર્થ પ્રાપ્તીનાં આશીર્વાદ આપે છે). આવાં શ્રી ધર્માચાર્ય ધર્મનાં નવા સ્થાનકો માટે પોતાનું નામ કાયમ કરવા (પણ જે ધર્મનાં સ્થાનકો હોય છે તે સ્થાનકોની શ્રેષ્ઠ જાળવણી કરવામાં કે તે સ્થાનકમાં બાળજીવો આનંદ-ઉલ્લાસીત ભાવે ભક્તિ કરી શકે તેવાં ભાવ પરીણામી બાળજીવો બને તેવી સમજણ રાખતાં નથી) નવા અનુષ્ઠાનો માટે, નવી નવી યોજનાઓ માટે અને તેમનાં જીવનનાં પ્રસંગો માટે (જેવા કે જન્મ દિવસ, દિક્ષા દિવસ, આચાર્ય પદવી દિવસ, દિક્ષા કાળનાં વર્ષો પર્યાંત જેવા) આવા અનેક કારણોસર જેમાં તેમનું નામ મોટું થતું હોય અને બતાવાતું હોય તેવાં દરેક પ્રસંગો નિમિત્તે લાખો અને કરોડોનાં ફંડ ભેગા કરે છે અને પુણ્ય પ્રાપ્તીનું ફળ ગણાવીને વપરાવે છે. પણ પોતાનાં ચાર્તુમાસનાં કાળમાં જે ક્ષેત્રમાં રહ્યાં હોય અને જે જે સ્થળે વિચરેલા અને ઘણો વખત રહેલાં હોય છતાં ત્યાનાં ધર્મનાં સ્થાનકનાં સાધારણ ખાતાની ક્યારેય વિચાર કર્યો છે? કે પછી જ્યાં જ્યાં ચાર્તુમાસ રહ્યાં હોય ત્યાં કાયમીક એવું સાધારણનું ફંડ ભેગું કરી આપ્યું છે, કે જેમાંથી કાયમીક શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ નિમિત્ત માટે અર્થની પ્રાપ્તી થયા જ કરે. શ્રી તીર્થંકર પરમાત્માને જે શ્રી ધર્માચાર્યો પરમ ઉપકારી ગણતા હોય તો પછી શ્રી પરમાત્માનાં કોઈપણ પ્રકારની ભક્તિ સ્વરૂપનાં કાર્યને "સાધારણ" કેવી રીતે ગણાય ? અને જો સાધારણ ન ગણતા હોઈએ પણ "અસાધારણ" ગણતાં હોઈએ તો જેને આપણે ૨૫માં ભગવાન ગણીએ છીએ તેને આપણે લાચાર બનાવીને આજીજી કરાવીને, અને મહેરબાની કરતાં હોઈએ એવા સાધારણ ભાવથી, સાધારણ ખાતામાં, સાધારણ અર્થ શ્રાવકો શા માટે આપીએ છીએ ? તેનો વિચાર શ્રી ધર્માચાર્યો જે પુણ્યલક્ષ સહિતનાં નામ ભાવ અને માન ભાવવાળા ક્યારેય કરતાં નથી તેવા શ્રી ધર્માચાર્ય બાળજીવોને બળવાન પુણ્ય બંધાવવાને બદલે (ગુપ્તદાનથી બળવાન પુણ્યનું અને નામનાં મમત્વ વગર કરેલા દાનનું બળવાન પુણ્યનું ઉપાર્જન સહજતાથી બાળજીવની ઈચ્છા રહિત થાય છે) નામનું અને માનનું સ્થાપન કરાવીને અલ્પ પુણ્ય બંધાવીને પુણ્યલક્ષી બોધ આપે છે.

**જે ઉપદેશનાં બોધથી,**
**ટાળ્યો સદ્‌ગુરૂ જોગ,**
**માન્યો નહીં ઉપકારથી,**
**જિન ભક્તિનો યોગ.**

**જે બોધે આત્મા રહ્યો,**
**થયો અર્થનો દાસ,**
**"અર્થથી" અર્થનો "અર્થ" કિધો,**
**લીધો 'અર્થીનો" આધાર.**

**જે બોધે એકાંતિ થયો,**
**છુટ્યો અનેકાંતિ બોધ,**
**કર્યો અર્થનો અર્થ તે,**
**થયો અર્થનો દાસ.**

**અનંત ભાવથી ભારીને, ભર્યો ભ્રમણનો ભાર,**
**જે ભાવે ભ્રમ ભાંગશે, તે ભાવે જગનાશ.**

# શ્રી ભગવાન મહાવીર સ્વામી નું શાસન

# સમ્યક જ્ઞાન : ઉપદેશબોધમાં કે નિશ્ચયબોધમાં ?

## ■ સમાનતામાં – અસમાનતાં ■

**(કાર્ય સમાન – પરીણામ અસમાન)**

૧. શ્રી તીર્થંકર પરમાત્માનું આરાધન, પુણ્યલક્ષી કે આત્મલક્ષી બાળજીવો (ત્યાગી કે સંસારી) અનેક પ્રકારની ભક્તિ સ્વરૂપે સંજોગ અનુસાર એક સરખું જ કરે છે. — *(આરાધન ભક્તિ એ કાર્ય છે.)*

૨. શ્રી તીર્થંકર પરમાત્માની આરાધન ભક્તિ, પુણ્યલક્ષી કે આત્મલક્ષી બાળજીવો (ત્યાગી કે સંસારી) સંજોગ અનુસાર બળવાન શ્રધ્ધા સહિત એક સરખી શ્રધ્ધા રાખીને કરે છે. — *(શ્રધ્ધા એ બળ છે.)*

૩. શ્રી તીર્થંકર પરમાત્માની શ્રધ્ધા સહિતની આરાધન ભક્તિ બાળજીવો (ત્યાગી કે સંસારી) અનેક પ્રકારનાં કારણો લક્ષમાં લઈને (સ્થાપીને) અલગ-અલગ સમજણ મેળવીને, કેળવીને બાળજીવો શ્રધ્ધાનું સ્થાપન કરે છે. — *(સમજણ એ ભાવ છે.)*

**પુણ્યલક્ષી બાળજીવો :** અનેક પ્રકારનાં ભયથી ઘેરાયેલા (બંધાયેલા) હોય છે, જેવા કે વર્તમાનમાં અનેક પ્રકારનાં માનેલા સુખનાં સાધનો મળવા છતાં તેના સહયોગથી પ્રાપ્ત થયેલા માનેલાં દુઃખનાં કારણોને ટાળવાનાં ઉપાય સ્વરૂપે અથવા ભાવી ભવોમાં સારી ગતિ અને સારી સ્થિતી પ્રાપ્ત થાય એવી અનેક પ્રકારની સમજણ મેળવીને કે કેળવીને બાળજીવ જ્યારે શ્રી તીર્થંકર પરમાત્માની શ્રધ્ધા સહિતની આરાધન ભક્તિ પુણ્ય પ્રાપ્તી અર્થે કરે છે અને તે પુણ્યથી સુખ પ્રાપ્ત થશે તેવી ભ્રમિત સમજણથી શ્રી તીર્થંકર પરમાત્માની સકામ ભક્તિ કરે છે અને કરાવે છે. તે બાળજીવો પુણ્યલક્ષી જીવો બને છે. અને પુણ્યલક્ષ સહિતનું પુણ્યનું ઉપાર્જન કરવાની વૃતિ એજ મિથ્યાત્વવૃતિ ગણાય, મનાય અને બને છે.

જેવા પ્રકારની સમજણ તેવા જીવ ભાવ ધારણ કરે છે અને જેવા ભાવ તેવા પરિણામ પ્રાપ્ત કરે છે. શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ નિયમથી ફળપરિણામદાતા હોય જ છે.

**આત્મલક્ષી બાળજીવો :** અનેક પ્રકારનાં માનેલા દુઃખોથી ઘેરાયેલા હોવા છતાં એવી સમજણ માનેલી અને કેળવેલી હોય છે, કે આ તો પૂર્વનાં બાંધેલા કર્મોનું ફળ છે. (વેદનની સ્થિતી, જેવી સમજણનું બળવાનપણું તેવું વેદનનું પ્રમાણ) તો તે વેદન પ્રત્યે દુર્લક્ષ કરીને શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલું, પ્રકાશેલું અને ભવ-ભવાંતર ટળે તેવું જ્ઞાન (મોક્ષમાર્ગ)ને શાસ્ત્રો સ્વરૂપ રચાવીને બળવાન ઉપકાર કર્યો છે. એ ઉપકારને અહોભાવથી નમ્રતા સહિત વંદવા અર્થે જે આરાધન ભક્તિ થાય અને શ્રી તીર્થંકર પરમાત્માએ જગતનું સર્વ શ્રેષ્ઠ સુખ અને તે સુખ પણ શાશ્વતું, તે સુખનો માર્ગ અને પ્રાપ્તીનું રહસ્ય આપીને જે ઉપકાર કર્યો છે, એવા બળવાન ઉપકારને ઉતારવાનું બાળજીવમાં સામર્થ્ય નથી. ત્યાં નવું માંગવાની યાચકવૃતિ જીવમાં થાય જ કેમ ? તેવી સમજણ કેળવીને બાળજીવો જ્યારે શ્રી નમસ્કાર મંત્રાધિરાજનું પ્રથમનાં પાંચ પદોનું બળવાન ઉપકારીપણું માનીને, જાણીને, સમજણ કેળવીને શ્રી તીર્થંકર પરમાત્માની ફક્ત ઉપકાર ઉતારવાની વૃતિથી (ઉતારી શકાતો જ નથી) જે બાળજીવો શ્રી તીર્થંકર પરમાત્માની આરાધન-ભક્તિ કરે છે અને જાણતાં કે અજાણતાં પણ નામભાવ કે માનભાવ કે યાચકવૃતિ ધરાવતાં નથી તે જીવો (ત્યાગી કે સંસારી) આત્મલક્ષી, મોક્ષમાર્ગી બનેલા કે બનવાની લાયકાતવાળા જીવો ગણાય.

**સમજણ અનેક = ભાવ અનેક**

**જેવા ભાવ તેવી શ્રધ્ધા અને જેવી શ્રધ્ધા તેવા પરિણામ.**

**"મોક્ષ પ્રાપ્તીનો સર્વમાન્ય સમાન સિધ્ધાંત"**

## જૈનો જાગો

રમેશ વૈજાણી

**લેખાંક : ૫૨**

જે શ્રી તીર્થંકર પરમાત્માનું નામ-સ્મરણ, પ્રતિમા સ્વરૂપે દર્શન અને સ્પર્શ પણ ઘણાં-ઘણાં ગુણો અને પુણ્યનાં યોગે પ્રાપ્ત થાય છે. અને તેમાં પણ શ્રી તીર્થંકર પરમાત્માજીની પ્રતિમાજીનો સ્પર્શ તો બળવાન પુણ્યોદયનો અને શ્રી પરમાત્માનો ઉપકારીભાવ જાગે તોજ સ્પર્શનો યોગ પ્રાપ્ત થાય છે, નહીંતર શ્રી પરમાત્માની પ્રતિમાજીનાં સ્પર્શનો યોગ પણ અત્યંત દુર્લભ છે. (પ્રક્ષાલ કરનાર જીવોને સહજતાથી સ્પર્શ યોગ પ્રાપ્ત થાય છે, તેનું કારણ ભવ ભવાંતરની ૩ સંજ્ઞા ત્યાગે (આહાર, નિદ્રા અને મૈથુન) ત્યારે જ થાય છે. પછી તો શ્રી પરમાત્માને ખોળું ચઢાવી દેવામાં આવે છે.) તેથી શ્રી તીર્થંકર પરમાત્માનો સ્પર્શયોગ અન્ય બાળજીવોને થતો પણ નથી. આવો શ્રી તીર્થંકર પરમાત્માને સ્પર્શ યોગ અને તેનાં થકી થતું બળવાન સહજતાથી પુણ્ય યોગ અને સાથે આત્મીક પરીણામનું બનતું કારણ આવો અમુલ્ય યોગ જે

> **જે પુન્યે દેવલોકે ગયો,**
> **થયો દેવનો દાસ,**
> **છુટ્યું નાથનું નાથપણું,**
> **થયો નાથથી અનાથ.**

શ્રાવક જીવોને થાય તે મહા ભાગ્યવાન અને અહોભાગી ગણાય, ત્યારે તેજ શ્રી પરમાત્માને કર્તવ્ય સ્વરૂપે પણ સ્પર્શ કરવાનું જેને ભાગ્ય પ્રાપ્ત થયું છે. (હજારોમાં એક પુજારી સ્વરૂપે) એવાં બાળજીવ "સાધારણ" ગણાય કે અસાધારણ ગણાય. તે બાળજીવ ભલે કર્તવ્ય સ્વરૂપે કાર્ય કરે તેવી તેમની સમજણનું તેને તેવું ફળ પ્રાપ્ત થાય પણ આપણાં માટે તો આપણાં જીવનનાં સર્વ શ્રેષ્ઠ એવા પરમ પરોપકારી શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિ કરનાર જીવ ગણીને પરમ ઉપકારી ભાવે તેને લક્ષમાં લેવાથી આપણી દ્રષ્ટિમાં શ્રી પરમાત્મા પ્રત્યેનાં ભક્તિભાવ વધે અને જગતનાં સામાન્ય જીવોને આદર અને ઉપકારી ગણતાં હોઈએ તો આવા પરમ ઉપકારી શ્રી પરમાત્માની કર્તવ્ય સ્વરૂપે ભક્તિ કરનારનો કેવા ભાવથી આદર અને અહોભાવ હોવા જોઈએ, તેનો વિચાર બાળજીવોએ કરવો રહ્યો. આવા જીવો "સાધારણ નહીં પણ અસાધારણ ગણાવા જોઈએ". છતાં જો સાધારણ ગણતા હોઈએ તો સાધારણ ગણવાનું કારણ જીવ કે જીવને મળેલી સમજણ ? જો આવી સમજણ (સાધારણ) મળી હોય તો તેનું કારણ શ્રી પુણ્યલક્ષી ધર્માચાર્ય.

૯) **આત્મલક્ષી શ્રી ધર્માચાર્ય :** જે શ્રી ધર્માચાર્ય ધર્મ માટે

> **જે ભુલે ભટક્યો ઘણું, ધરી ભુલથી ભુલ,**
> **ભાગ્યું ભાગ્યને ભાગ્યથી, થયો ભાગ્યથી દુર.**

ધર્મમાં અને ધર્મ સ્વરૂપે શ્રી તીર્થંકર પરમાત્મા સિવાય અન્ય કોઈને ભક્તિ કે અનુષ્ઠાન કે અન્ય પૂજા અર્ચનાં સ્વરૂપે, પુણ્ય પ્રાપ્તી અર્થે કે દુઃખ નિવારણ અર્થે, કોઈપણ પ્રકારનાં દેવ-દેવીઓ કે દેવતાઓની ભક્તિ સ્વરૂપે સ્વિકારે નહીં, સ્થપાવે નહીં, અને મનાવે પણ નહીં, (સર્વ દેવ-દેવીઓ આદર સ્વરૂપે વંદનીય હોય) તેઓ સર્વ સમકિતી દેવ-દેવીઓ તો શ્રી તીર્થંકર પરમાત્માની ઉપકારી ભાવે ભક્તિ કરતાં હોય છે. અને તેઓ તો સહજ સ્વભાવથી શ્રી તીર્થંકર પરમાત્માનાં સેવક ભક્તોને સહાય માગ્યાં વગર પણ કરતાં હોય છે, ત્યારે દેવ-દેવીઓની ભક્તિ અને અનુષ્ઠાનોની શું જરૂર છે? અને અનુષ્ઠાનો અને ભક્તિ કરવાથી તો તેમની ઈચ્છા ન હોય (સહજ અવધિજ્ઞાનના ઉપયોગથી બાળજીવોનું અહિત વર્તાય) તો પણ સહાય કરે છે. અને તેનું તેમને દુઃખ પણ હોય છે. તો પછી આવી રીતે મંત્રો અને અનુષ્ઠાનો કરવાથી સમકિત દેવ-દેવીઓ હંમેશા પ્રસન્નતાં પ્રાપ્ત કરે એવો નિયમ નથી, જ્યારે શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિથી તો શાસનદેવી સહિતનાં સર્વ સમકિતી દેવ-દેવીઓ પ્રસન્નતા પ્રાપ્ત કરે જ છે. અને સાથે સાથે તેનાં ફળ સ્વરૂપે મોક્ષમાર્ગમાં આરાધનાનાં સંજોગ અનુકુળતા પણ બનાવી દે છે. તેથી તેઓ આદર ભાવે વંદનીય ગણાય. તેથી માર્ગમાં ચાલનાર જીવને અનુભવગમ્યતાં પ્રાપ્ત થવાથી તેમનો સહજ સ્વભાવે વંદનીય ભાવ ધારણ કરે છે. (યાચકભાવે નહીં અને ઈચ્છા શક્તિભાવ પણ નહીં). તેવાં શ્રી ધર્માચાર્ય શ્રી તીર્થંકર પરમાત્માનાં તરફ બાળજીવોને અનન્ય ભક્તિની સાધનાં કરાવે છે અને કરે છે, તેવાં શ્રી ધર્માચાર્ય બાળજીવોને આત્મકલ્યાણનો બોધ આપે છે.

૯) **પુણ્યલક્ષી શ્રી ધર્માચાર્ય :** જે શ્રી ધર્માચાર્ય શ્રી તીર્થંકર પરમાત્માનાં બદલે બાળજીવોને દેવ-દેવીઓની સાધના-અનુષ્ઠાન અને મંત્ર જાપો કરાવે અને સ્વયં કરતા હોય તેવા શ્રી ધર્માચાર્ય બાળજીવોની શ્રધ્ધામાં શ્રી તીર્થંકર પરમાત્મા કરતાં દેવ-દેવીઓની શ્રધ્ધા અને સ્થાપન બળવાન કરાવી દે છે અને તે પણ ફક્ત અર્થનાં ઉપાર્જન માટે જ. (ક્યારેય દેહની પિડા શાંત કરવા કે ઘરમાં શાંતિ સ્થાપવાં શ્રધ્ધા સહિત અને ફળ પ્રાપ્તી સહિત [ખાત્રી સહિત] ઉપાય આપ્યો કે નહીં ?) આવી રીતે પુણ્ય પ્રાપ્તી અને એ પણ અર્થ પ્રાપ્તી માટે શ્રી તીર્થંકર પરમાત્માને બદલે બળવાનપણે દેવ-દેવીઓમાં શ્રધ્ધા થાય તેવા દાખલા સહિત બાળજીવોને જે શ્રી ધર્માચાર્યો મનાવે છે, મંત્રોથી પ્રાપ્તી થાય તેવું સમજાવે છે, તેવાં શ્રી ધર્માચાર્ય બાળજીવને ભવભ્રમણમાં ફરે તેવો પુણ્યલક્ષી બોધ આપે છે. (બાળજીવોએ ક્યારે અને કેમ શ્રી તીર્થંકર પરમાત્માને, કુળદેવીને અને શ્રી સદ્‌ગુરૂને કેમ-કેવા સ્વરૂપે અને કેવા

> **શ્રી તીર્થંકર પરમાત્માએ આપેલો મોક્ષમાર્ગ જાણીને સાધુ સાધનાનાં માર્ગે પ્રવેશ કરે તો બળવાન સાધક બને.**
> **શાસ્ત્રની સાચી સમજણ મેળવેલી હોય તે જીવ સાચા ઉપાધ્યાયજી બને "અને" શાસ્ત્રોને આત્મસાત કર્યાં હોય, તે જીવો સંપ્રદાયમાં યુગપ્રધાન બને.**
> **એજ જૈનધર્મનો પાયો છે.**
> **એજ શાસનની સેવા છે.**
> **એજ શાસનમાં આવેલા જીવોનું કર્તવ્ય છે.**
> **"એજ જૈન સાધુ સંસ્થાનું સર્વ શ્રેષ્ઠપણું છે."**

ક્રમથી અને કેવા ભાવથી આરાધવા, માનવાં અને વંદનીયતાપૂર્વક શ્રધ્ધવાં તેની સમજણ બાળજીવોએ આત્મકલ્યાણ અર્થે શ્રી ધર્માચાર્યો પાસેથી શાસ્ત્રો આધારીત જાણી લેવી અને પછી આરાધના કરવી).

અનુસંધાન પાના નં ૬૮ પર

# શ્રી ભગવાન મહાવીર સ્વામી નું શાસન

## સમ્યક જ્ઞાન : ઉપદેશબોધમાં કે નિશ્ચયબોધમાં ?

અનુસંધાન પાના નં ૬૭ થી ચાલું

૧૦) **આત્મલક્ષી શ્રી ધર્માચાર્ય :** જે શ્રી ધર્માચાર્ય શ્રી તીર્થંકર પરમાત્માનાં ઉપકારી ભાવ ધારણ કરીને શ્રી પરમાત્માએ બોધેલો અને શાસ્ત્રોમાં બતાવેલો એવો નિશ્ચય બોધ કે જેને

**■ પાંચ પદની પ્રાપ્તીથી ■**
**જ્ઞાનને ગણકારવા.**
**પ્રભુને પ્રકાશવા.**
**ધર્મને ધારવા.**
**માર્ગને માનવા.**
**યોગને આચરવા.**

આપણે વ્યવહારથી આત્મબોધ કહીએ છીએ તેવો નિશ્ચય બોધ આપવા સદાય તત્પર હોય છે. અને જે બોધ આપવામાં અર્થનું કોઈપણ પ્રકારનું સ્થાન હોતું નથી (અગર હોય તો પણ અલ્પ પ્રમાણમાં) અને તે બોધ વાણી સ્વરૂપે બળવાન પરીણામ આપે તેવી સમજણ ધરાવતાં હોય છે. (જીવનમાં પુસ્તકો અલ્પ સંખ્યામાં લખે અગર ન પણ લખે). ફક્ત વિચારબળ, જ્ઞાનબળ અને ચારીત્રબળ (અભ્યંતર ચારીત્રનાં યોગબળે) આપતાં હોય છે. અને તેમનો મુખ્ય લક્ષ બાળજીવોમાં શ્રી તીર્થંકર પરમાત્માનો ઉપકારીભાવ ગણીને

**''શાસ્ત્રોને શણગારનાર''**
**શ્રી પરમેશ્વરને પ્રકાશવા.**
**શ્રી પરમાત્માને પામવા.**
**શ્રી તીર્થંકરથી તરવા.**
**શ્રી જિનેશ્વરને જાણવા.**
**શ્રી ઈશ્વર ઈચ્છાથી રહેવા.**

શ્રધ્ધા સહિતનું સ્થાપન કરાવવું, પોતાનાં શ્રીગુરૂના જ્ઞાનનો અને નામનો મહિમા વધારવો અને બાળજીવો મોક્ષમાર્ગમાં આવે, આવેલાં ચાલે અને ચાલનાર ઉગ્ર ભાવે સાધના કરીને મોક્ષનાં અધિકારી બને તેજ તેમનાં જીવનનું ધ્યેય લક્ષ અને તેજ તેમનું સાર્થકપણું હોય છે. (નિશ્ચય બોધ આપનાર સાથે સાથે આરાધન કરતાં કરતાં સ્વકલ્યાણ કરતાં જ હોય છે.) નિશ્ચય બોધ અન્ય જીવો ઉપર આગ્રહપૂર્વક લાદવામાં આવે

**જીવનું અનંત ભવભ્રમણમાં ફરવાનું**
**પોતાનું કારણ હિંસક સ્વભાવ અને**
**નિમિત્ત કારણ પુણ્યલક્ષી ગુરૂ,**
**જીવને પૂર્ણ કેવળજ્ઞાન પ્રકાશીત થવું એ**
**જીવનું પૂર્ણ અહિંસકપણું**
**નિમિત્ત કારણ આત્મલક્ષી ગુરૂ.**

તો કદાચ આરાધન ચૂકવાની શક્યતા બને છે. અને ત્યારે અતિ ઉત્સુકતામાં શ્રી ગુરૂનું નામ વધવાની બદલે અન્ય બાળજીવો નિશ્ચય બોધથી દુર રહે છે (જડતાં સમજીને) ત્યારે શ્રી ગુરૂનો મહિમા વધવાની બદલે ઘટી જાય છે, તેનું લક્ષ નિશ્ચય બોધ આપનારે ખાસ રાખવું જોઈએ. એક શ્રી ગુરૂ થકી અનેક જીવો આરાધક બની શક્યા તો અનેક થકી

**જે નિશ્ચયનાં બોધથી,**
**જાણ્યું નિજ સ્વરૂપ,**
**માન્યો જિન ઉપકારથી,**
**પામ્યો સુખ અનંત.**

અનેકાંત જીવો અનેકાંતવાદમાં આવી શકે તેમ માનવું એ સરળતાં-સંયમતા અને સમજણ સહિતનું જ્ઞાન ગણાય. આવી ભાવનાંવાળા શ્રી ધર્માચાર્ય બાળજીવોને આત્મકલ્યાણનો બોધ આપી શકે અને આત્મકલ્યાણનાં માર્ગમાં લાવીને આત્મકલ્યાણ કરાવી શકે.

**આત્માના સ્થાપને અર્થનું ઉથાપન**
**અર્થના સ્થાપને આત્માનું ઉથાપન**
**આત્માના સ્થાપને સહજ સ્વરૂપે બળવાન**
**પૂણ્યનું ઉપાર્જન અને અર્થના સ્થાપને**
**અલ્પપણાનું પૂણ્યનું ઉપાર્જન**

૧૦) **પુણ્યલક્ષી શ્રી ધર્માચાર્ય :** જે શ્રી ધર્માચાર્યો શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિની બદલે પુણ્યલક્ષી બોધ આપીને બાળજીવોને પુણ્યનાં માર્ગે વાળે છે અને તે પુણ્યનાં માર્ગે વાળતાં વાળતાં શ્રી તીર્થંકર પરમાત્માની ભક્તિનાં સાધનોની ઉંચી કિંમત કરાવીને તેનાં વિનિમય સ્વરૂપે અર્થ પ્રાપ્તી કરે છે. (જેમ કે શ્રી પરમાત્માનું ચિત્રપટ અથવા પ્રતિમાજી અથવા શ્રી નવકારવાળી અથવા અલભ્ય એવા કોઈપણ પ્રકારનાં ભક્તિનાં સાધનોની) અર્થ સ્વરૂપે કિંમત મુકે છે. (આત્મ કલ્યાણ અર્થે કાં શ્રી ધર્માચાર્યએ તેમની(પોતાની) પાસે રખાય અથવા (વિના મુલ્યે)

**''જ્ઞાનથી પાંચ પદને પામવા''**
**''પંચામૃતથી પાંચ પદને પામવા''**
**■ પાંચ પદની પાવનતાં ■**
**જીનેશ્વરને જાણવા**
**સિધ્ધમાં સિધ્ધાવવા**
**''સદ્‌ગુરૂને સાધીને''**
**સ્વાધ્યાય સ્વિકારીને**
**માતા-પિતાને માનીને.**

અમુલ્યપણું ગણીને અન્યને આત્મકલ્યાણ અર્થે અપાય પણ તેમાં અર્થ ન લવાય. ''અર્થ લાવવાથી અનર્થ થાય'' અને ઘણાં પ્રકારનાં બોધનાં પુસ્તકો પ્રગટ કરીને તેમાં અર્થની ઊંચી કિંમત રાખીને (બાળજીવો અર્થથી નબળા હોય તે કેવી રીતે લઈ શકે ?) આવી રીતે શ્રી પરમાત્માની ભક્તિનાં સાધનો અને ઉપદેશ બોધ (પુણ્યલક્ષી) બોધનાં પુસ્તકોમાં પણ અર્થને જે શ્રી ધર્માચાર્યો સાંકળીને વર્તે છે, તેવાં શ્રી ધર્માચાર્ય બાળજીવને ભવ ભ્રમણ ફરવાનો એવો પુણ્યલક્ષી બોધ આપે છે અને પોતે પણ સ્વયં પુણ્યલક્ષી (ઉપદેશ બોધ)માં આખી જિંદગી વિતાવી દે છે. ઉપદેશ બોધમાં રહેવાનું કારણ માન બુધ્ધિનું બળવાનપણું. સ્વયં માન મેળવવાની વૃત્તિમાં રહે છે. અને બાળજીવોને પુણ્યલક્ષી અને માનવૃત્તિમાં લઈ જાય છે.

**■''પુણ્યપ્રકૃતિનું ગાઢ લક્ષણ''■**
**જે પુણ્યથી પ્રભુને ભુલ્યો તે પુણ્યને ભુલ્યો નહીં;**
**જે પુણ્યથી પતિત થયો તે પુણ્યને ભુલ્યો નહીં;**
**જે પુણ્યથી પામર થયો તે પુણ્યને ભુલ્યો નહીં;**
**જે પુણ્યથી પાગલ થયો તે પુણ્યને ભુલ્યો નહીં;**
**જે પુણ્યથી પરવરિશ થયો તે પુણ્યને ભુલ્યો નહીં;**
**જે પુણ્યથી પરવારી ગયો તે પુણ્યને ભુલ્યો નહીં;**
**જે પુણ્યથી પાપી થયો તે પુણ્યને ભુલ્યો નહીં;**

''શ્રી તીર્થંકર પરમાત્માનો ઉપકાર ગણીને તે ઉપકારને ઉતારવા સ્વરૂપે (જીવનભર ઉતારી ન શકાય તેવો ઉપકાર કર્યો છે) બાળજીવે શ્રી પરમાત્માની કરેલી શ્રધ્ધા સહિતની અલ્પ પણ આરાધન ભક્તિ, બળવાન પુણ્યનું કારણ બને (નિષ્કામ ભક્તિ યોગ) અને શ્રી તીર્થંકર પરમાત્માને પુણ્ય બાંધવાનું બળવાન કારણ ગણીને કરેલી બળવાન ભક્તિ અલ્પ પુણ્યનું કારણ બને (સકામ ભક્તિ યોગે).''

**જે ઉપદેશનાં બોધથી,**
**કર્યા દોષ અનંત,**
**પાપ-પુન્યમાં રાચતા,**
**ફર્યો ગતિમાં ચાર.**

પુણ્યલક્ષી શ્રી ધર્માચાર્યોના ઘણાં ઘણાં પ્રગટ લક્ષણો હોય છે, પણ બાળજીવ સમજી શકે, બુધ્ધિમાં આવી શકે અને અનુભવેલું હોય કે અનુભવી શકે તેવું પ્રગટ લક્ષણ એ કે બાળજીવ વર્ષો સુધી શ્રી ધર્માચાર્યો પાસે રહેલા કે નજીક રહેલા હોવા છતાં મોક્ષમાર્ગ શું છે તેની ખબર હોતી નથી અને તે શ્રી ધર્માચાર્યો પાસેથી ''આત્માની નહીં'' પણ હંમેશા ધર્મનાં કાર્યો માટે અર્થના મુખ્યપણાની જ ચર્ચા-વિચારણાં ચાલતી હોય અને તે અર્થનો ઉપયોગ કેમ-ક્યારે અને ક્યાં કરવો તેનો અધિકાર શ્રી ધર્માચાર્ય પાસે જ હોય અને તે શ્રી ધર્માચાર્ય શ્રી પરમાત્માના અને તેની ભક્તિ કરવાના સાધનોનાં ''પણ'' મુલ્ય મુકતા હોય છે અને એવા શ્રી ધર્માચાર્ય પાસે બાળજીવોનાં ગુણોનું મહત્વ નથી પણ અર્થના બળવાન જીવોનું જ મહત્વ હોય છે અને એવા જીવો કેવી રીતે

**■ પંચમ જ્ઞાનની આરાધના ■**
**ભવોને ભાંગવા.**
**કાયાને કરમાવવા.**
**મનને મનાવવા.**
**અજ્ઞાનને અવરોધવા.**
**ભોગને ભગાડવા.**

અર્થનું ઉપાર્જન કરે છે તે મહત્વનું નથી પણ અર્થ વાપરે છે તે મહત્વનું ગણે છે. અને તેનાં અર્થનાં ઉપાર્જન માટેનાં બળવાન ઉપાયો સ્વરૂપ માંગલીક અને આશીર્વાદ સ્વરૂપ સાધનાઓ કરે છે અને કરાવે છે. આવા પુણ્યલક્ષી શ્રી ધર્માચાર્યો બાળજીવોને (બાળજીવોએ મુકેલી અંધશ્રધ્ધાને કારણે) ચાર ગતીમાં ભ્રમણ કરાવે છે અને ઘણીવખત પોતાનાં પુણ્યલક્ષી ઉપદેશબોધનાં પુસ્તકોમાં પણ અર્થને સાંકળીને જ વર્તે છે. **આ છે પુણ્યલક્ષી શ્રી ધર્માચાર્યનું પ્રગટ-પ્રખર અને પ્રમુખ લક્ષણ.** પુણ્યલક્ષી શ્રી ધર્માચાર્યો નામનું અને માનનું બળવાન મમત્વ

**■ ''આત્મલક્ષી થવા'' ■**
**સાચો ધર્મ જાણવો : શ્રી પરમાત્માએ આપેલો,**
**સાચો ધર્મ માનવો : શાસ્ત્રનાં આધારથી,**
**સાચો પુરૂષાર્થ કરવો : ધર્મનો મર્મ પકડીને,**
**સાચા અનુભવી થવું : ગુણસ્થાનકથી ભાવમાં,**
**સાચી શ્રધ્ધા આવવી : ધર્મમય સ્વભાવથી,**
**મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન,**
**મન:પર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન.**

ધરાવે છે અને તેનું બાળજીવોમાં પુણ્યનાં નામે બળવાન સ્થાપન કરાવે છે અને આ દોષનાં કારણે સાધક અને બોધક ધર્મનાં નામે શ્રી તીર્થંકર પરમાત્માનાં નામે અને શાસ્ત્રોનાં મન ફાવતા અર્થઘટન કરીને મહામોહનિયનો બંધ બાંધે છે અને તેનાં ફળ શું તેની સમજણ બાળજીવોએ શ્રી ધર્માચાર્યો

**તે મુક્તિનાં બોધથી,**
**માન્યો મુક્તિનો માર્ગ,**
**મુક્તિનાં માર્ગે મુક્તપણે,**
**કર્યો ''મુક્ત''ને મુક્ત.**

પાસેથી જાણવી. વિશેષ પુણ્યલક્ષી શ્રી ધર્માચાર્યોનાં ગુણો અને લક્ષણોની વિચારણાં ભાવિ લેખાંકોમાં યોગે કરીને વિચારશું.

**''જ્ઞાન એ જ્ઞાન જ છે''**

મોક્ષમાર્ગનું જ્ઞાન બાળજીવો ગમે ત્યાંથી લઈ શકે છે. તેમાં વેશ કે વચનો આગ્રહ ન હોય. આરાધન માટે આત્મલક્ષી શ્રી ધર્માચાર્યોની નિશ્રાનો આગ્રહ બાળજીવો રાખી શકે.

**જે નિશ્ચયનાં બોધ થકી,**
**આવ્યો માર્ગ સમિપ,**
**કર્યું આરાધન બોધનું,**
**મુક્યો મન સંસાર.**

મોક્ષમાર્ગનું જ્ઞાન જીવ ત્યારે જ આપી શકે, વાણી કે લખાણ સ્વરૂપે, કે જ્યારે શ્રી પરમાત્માની એ જીવ ઉપર પૂર્ણ અમી દ્રષ્ટિ હોય, શ્રી શાસનદેવીની પૂર્ણ કૃપાદ્રષ્ટિ હોય અને સમકિતી દેવ-દેવીઓની સર્વ સમયે સહજતાથી સહાયક દ્રષ્ટિ હોય. માટે બાળજીવોએ મોક્ષમાર્ગનાં જ્ઞાનની ક્યારેય અજાણતાં પણ વિરાધના ન કરવી અને વિરાધના ન કરવી એ પણ મોક્ષમાર્ગ પામવાનું કારણ બને.

**● લેખાંક પર સંપૂર્ણ ●**

**આનંદ આનંદ આનંદ**

આ આખી સમજણ લખનાર જીવે શ્રી મહાવીર ભગવાનને માથે રાખીને, શાસનદેવીની સાક્ષીભાવે અને સમકિતી દેવ-દેવીઓના હાજરભાવે કોઈપણ પ્રકારના દુર્ભાવ રહિત, કોઈપણ પ્રકારના દ્વેષબુધ્ધિથી રહિત અને કોઈપણ પ્રકારની સ્વાર્થબુધ્ધિ રહિત આપેલ છે. અને આમાં કોઈપણ પ્રકારનો દોષ ભળ્યો હોય તો આ લખનારને મિથ્યાત્વનો દોષ લાગે. અને આ બાબતની કોઈપણ ચર્ચા-વિચારણા શ્રાવકોએ ધર્માચાર્યો પાસે જઈને કરવી અને જાણકારી મેળવવી, લખનાર પ્રત્યે અભાવ ન કરવો.